# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આગામી દસ વર્ષમાં દેશમાં વધુ 75 હજાર તબીબી બેઠકો વધારવાની સરકારની નેમ વ્યક્ત કરી. – શ્રી શાહના હસ્તે ગાંધીનગરમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ – ખાતમુહૂર્ત
2) સર્વોચ્ચ અદાલતે સોમનાથ મંદિર નજીક અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી પર મનાઈ હુકમ આપવાનો ઇન્કાર કર્યો.
3) કચ્છ જિલ્લાના ચાડવા રખાલમાં ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે હેણોતરો પ્રજનન અને સંરક્ષણ કેન્દ્ર સ્થાપવાની મુખ્યમંત્રીની જાહેરાત
4) હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રે ઉમદા કામગીરી કરનારા રાજ્યના 11 કારીગરોને સન્માનિત કરાશે.
5) **વલસાડ તાલુકાના પારડીના શિક્ષિકા આંતરરાષ્ટ્રીય સ્તરે પાવરલિફ્ટીંગમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AMIT SHAH UPDATED

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું. શ્રી શાહે માણસા ખાતે 244 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર સિવિલ હૉસ્પિટલ તેમજ 85 કરોડ રૂપિયાના ખર્ચે  તૈયાર થયેલા વિવિધ વિકાસ કાર્યોનો શુભારંભ કર્યો. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે નરેન્દ્ર મોદી સરકારે દેશભરમાં છેલ્લા 10 વર્ષમાં આરોગ્ય ક્ષેત્રે અનેક પ્રયાસો કર્યા છે. તેમણે ઉમેર્યું કે કેન્દ્ર સરકારે સ્વચ્છ ભારત અભિયાનથી તેની શરૂઆત કરી, પ્રત્યેક ઘરમાં શૌચાલય બનાવ્યા, યુવાનોને રમત-ગમત માટે પ્રોત્સાહિત કર્યા તેમજ આરોગ્ય માળખામાં મોટા પાયે ફેરફારો કર્યા. તેમણે આવતા વર્ષ સુધીમાં માણસામાં મેડિકલ કૉલેજ બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

## BYTE – AMIT SHAH

શ્રી શાહે આ પ્રસંગે 17 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના ગૌરવ પથને ખુલ્લો મૂક્યો હતો. આ પહેલા અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેન્ક ADC બેન્કના 100મા સ્થાપના દિવસ પ્રસંગે આયોજિત સમારોહમાં શ્રી શાહે જણાવ્યું હતું કે દેશનાં આર્થિક વિકાસમાં સહકારી તંત્ર ખુબજ આગવી ઓળખ ઉભી કરશે. ગુજરાતમાં અમુલ તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે ઉમેર્યું હતું કે અમદાવાદ અને ગાંધીનગરના વિકાસમાં ADC બેન્કનો સિંહ ફાળો છે. અગાઉ ગાંધીનગર અડાલજ ખાતે હિરામણી આરોગ્યધામ ડેકેર હોસ્પિટલનું ઉદ્દઘાટન કરતાં શ્રી શાહે આગામી દસ વર્ષમાં દેશમાં વધુ 75 હજાર તબીબી બેઠકો વધારવાની સરકારની નેમ વ્યક્ત કરી હતી.

---

- માહિતી ખાતુ – સુનિતા -(NAVIN)

# Somnath Bulldozer action

સર્વોચ્ચ અદાલતે સોમનાથ મંદિર પાસે બુલડોઝર દ્વારા અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી પર મનાઇ હૂકમ આપવાનો ઇનકાર કર્યો છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, તે રાજ્ય સરકારનાં જવાબની રાહ જોવા માંગે છે. જો અદાલતનું અપમાન થયું હોય તેવું જણાય તો યોગ્ય કાર્યવાહી કરાશે અને સ્થિતિ પૂર્વવત કરવાનો નિર્દેશ પણ અપાશે.

અદાલતે ગુજરાત સરકારને નોટીસ જારી કરી છે આ મામલે વધુ સુનાવણી 16 ઓક્ટોબરે હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે બુલડોઝર કાર્યવાહી અટકાવવાના સર્વોચ્ચ અદાલતનાં 17 સપ્ટેમ્બરનાં આદેશ બાદ પણ મોટા પાયે અતિક્રમણ કાર્યવાહી ચાલુ રહેતા અદાલતી અવમાનના બદલ અરજી દાખલ કરવામાં આવી હતી. અરજકર્તાએ ગીર સોમનાથના કલેક્ટર સહિતનાં અધિકારીઓ સામે પગલાં લેવાની માંગણી કરી છે.

-------------------------------------------------------------------

- IANS અનિલ

# CM IN KUTCH

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વન પ્રાણી સપ્તાહની ઉજવણી પ્રસંગે કચ્છના ચાડવા – રખાલ વિસ્તારમાં 10 કરોડ રૂપિયાના ખર્ચે હેણોતરો પ્રજનન અને સંરક્ષમ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરી હતી.

## BYTE – મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

માંડવીમાં શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ ખાતે આયોજીત સમારોહમાં આ જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી કચ્છ માટે 117 કરોડ રૂપિયાથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. આ પહેલા કચ્છ પહોંચેલા મુખ્યમંત્રીએ માતાના મઢે દર્શન કર્યા હતા.

-----------------------------------------------------------------------

- માહિતી – સુનિતા, નવીન

# NAVRATRI – Bijo DIVAS

નવલા નોરતાંનો આજે બીજો દિવસ છે. નવરાત્રીના બીજે દિવસે મા દુર્ગાના બ્રહ્મચારિણી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.

સમગ્ર રાજ્યમાં ઠેર-ઠેર રાસ ગરબાના કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના મહાનગરોમાં ક્લબ અને પાર્ટી પ્લોટમાં ગરબા રાસ યોજાઇ રહ્યાં છે.

બીજી તરફ શેરી ગરબાઓ અને પરંપરાગત ગરબા રાસ પણ ખાસ્સુ આકર્ષણ જમાવી રહ્યાં છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# NAVRATRI DISTRICT

રાજ્યભરમાં ઉલ્લાસભેર નવરાત્રીનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. રાજ્યના તમામ શક્તિપીઠો ખાતે માતાના દર્શનાર્થે શ્રદ્ધાળુઓનો ધસારો જોવા મળી રહ્યો છે. પાવગઢ શક્તિપીઠ ખાતે શ્રદ્ધાળુઓની સુવિધા માટે કરાયેલી વ્યવસ્થા વિશે વધુ માહિતી આપી રહ્યા છે. અમારા પ્રતિનિધી વિપુલ પુરોહિત

## (બાઈટ વિપુલ પુરોહિત)

તો પાવગઢ ખાતે વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરીકો માટે વિશેષ લિફ્ટની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ વિશે પાવગઢ મંદિરના ટ્રસ્ટી વિનોદ વરિયાએ આ મુજબ જણાવ્યું

## (બાઈટ વિનોદ વરિયા)

ત્યારે વલસાડ ખાતે ઉડાન ધ વિંગ્સ ઑફ ટેલેન્ટ સંસ્થા દ્વારા પ્રાચીન શેરી ગરબા, ગરબા ગીત સ્પર્ધા, ઝેરીયું તેમજ ઘેરૈયા સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેના વિજેતાઓને ગુરુવારે સમ્માનિત કરાયા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં રાજ્યકક્ષાના મંત્રી ભિખુસિંહ પરમારે નવરાત્રી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

કચ્છમાં માતાના મઢ ખાતે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ તેમજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આવતીકાલે શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

- પીટીસી પંચમહાલ, અરવલ્લી પીટીસી વલસાડ, માહિતી ખાતુ ભૂજ, સુનિતા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# GUJARAT HANDICRAFT AWARD

હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રે ઉમદા કામગીરી કરનારા રાજ્યના 11 કારીગરોને સમ્માનિત કરવામાં આવશે. ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ 2026 અંતર્ગત કારીગરોને પ્રોત્સાહન મળે તે હેતુથી અંદાજે 25 લાખ રૂપિયાના ખર્ચે હસ્તકલાના 11 જેટલા કારીગરોને તેમના ક્ષેત્ર અનુસાર પુરસ્કૃત કરાશે. ટેક્સટાઇલ, ભરતકામ, મોતીકામ, ચર્મકામ, માટીકામ, લાકડું તેમજ વાંસકામ સહિતના અન્ય ક્રાફ્ટ ક્ષેત્રોમાંથી ઉત્કૃષ્ઠ કામગીરી કરતા કારીગરોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------------

- મહિતી ખાતુ -0 સુનિતા

-(NAVIN)

# VALSAD TEACHER IN POWER LIFTING

વલસાડ તાલુકાના પારડી સાંઢપોર પ્રાથમિક શાળાના શિક્ષિકા મેઘા પાંડે આંતરરાષ્ટ્રીય સ્તરે પાવર લિફ્ટિંગમાં દેશનુ પ્રતિનિધિત્વ કરશે. વર્લ્ડ પાવર સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આયોજીત આ સ્પર્ધા માટેની પસંદગી પ્રક્રિયા જયપુરમાં હાથ ધરાઈ હતી. તેમણે આ પહેલા દિલ્હીમાં યોજાયેલી અખિલ ભારતીય મુલકી સ્પર્ધામાં રાષ્ટ્રીય રમતમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી વલસાડ ૦ સુનિતા

-(NAVIN)

# SHYAMJI KRISHNA VERMA ANNI

સ્વાતંત્ર્ય ચળવળમાં અમૂલ્ય યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની 166મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનભા અધ્યક્ષ શંકર ચૌધરીએ, વિધાનસભા પોડિયમ ખાતે મૂકાયેલા તેમના તૈલ ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

કચ્છના માંડવીમાં જન્મેલા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ ઇંગ્લેન્ડના વસવાટ દરમિયાન વર્ષ 1905માં ઈન્ડિયન સોશિયાલિસ્ટ પત્ર શરૂ કરી ઇંગ્લેન્ડ હોમરૂલ લીગની સ્થાપના કરી હતી. તેમણે ભારતથી ઇંગ્લેન્ડમાં અભ્યાસાર્થે જનાર વિદ્યાર્થીઓને રહેવાની સગવડ માટે ઈન્ડિયા હાઉસની પણ સ્થાપના કરી હતી.

જાણીતા પત્રકાર અને ઇતિહાસકાર વિષ્ણુ પંડ્યાએ આકાશવાણી સાથે વાત કરતાં કહ્યું હતું કે, આવનારી પેઢીઓને તેમના ઇતિહાસથી અવગત કરવા તેમના જન્મ સ્થળ માંડવીમાં ક્રાંતિ તીર્થ સ્મારક સ્થાપવમાં આવ્યું છે.

બાઇટ – વિષ્ણુ પંડયા

-------------------------------------------------------------------

- માહિતી, સુનિતા -(NAVIN)

# SWAGAT KARYAKRAM-GODHARA

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકા માટેનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી ૨૩ ઓક્ટોબરના રોજ સવારે ૧૧ વાગ્યે તાલુકા સેવા સદન, ગોધરા ખાતે યોજાશે.

નાગરિકોએ તેમના પ્રશ્નોની અરજી લેખિતમાં આગામી ૧૨ ઓક્ટોબર સુધીમાં મામલતદાર કચેરી, ગોધરા ખાતે રૂબરૂ અથવા ટપાલ ધ્વારા મોકલી આપવાની રહેશે.

અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ ફરિયાદ અથવા પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. ૧૨ ઓકટોબર સુધીમાં મળેલ અરજીઓનો ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે તેમ મામલતદાર ગોધરા દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

---

- રીટા દવે, ptc પંચમહાલ

-(NAVIN)

# SEVAA SETU- ALL OVER

રાજ્યભરમાં 31 ઓકટોબર સુધી ચાલી રહેલા દસમાં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમો અંતર્ગત અમદાવાદના દેત્રોજ તાલુકામાં તાલુકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો જેમાં 14 ગામોના લાભાર્થીઓને વિધવા સહાય અને વૃદ્ધ સહાયના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, તાલુકા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં લાભાર્થીઓને વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરાયું.

સુરેન્દ્રનગર જિલ્લાના ઢોકળવા ગામે અરજદારોના જુદાજુદા 2 હજાર જેટલા પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

મહિસાગરના કરવાઈ ગામ ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લાના તમામ 14 તાલુકાઓમાં આજે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો તો બીજી તરફ નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના 36 ગામોમાં વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને વિવિધ લાભો નું વિતરણ કરાયું.

---------------------------------------------------------------------

- રીટા દવે , ઇન્ફો , પટીસી , સુરેન્દ્રનગર, મહીસાગર ,બનાસકાંઠા , નર્મદા

-(NAVIN)